| | | | | |
|---|---|---|---|---|
| **GJKH030002222023** | કેસ રજુ તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ | | |
| | કેસ રજી તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ | | |
| | કેસ ફેસલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| | અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | | | | |

**મહેમદાવાદના મે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહેમદાવાદ.**
**તા.મહેમદાવાદ, જી.ખેડા.**

આંક–

| | |
|---|---|
| ચુકાદા તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૧૬૦/૨૦૨૩ |
| ગુન્હો | ઈ.પી.કો.કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહીતી અહેવાલ | એફ. આઈ. આર. ન.૩૨૯/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | મહેમદાવાદ, જિ.ખેડા. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ. પી. પી. શ્રી કે. એ. સુથાર |
| વિરૂધ્ધ | |

| | |
|---|---|
| આરોપી | શૈલેષકુમાર શાંતીલાલ નિનામા, ઉ.વ.૪૧, રહે. વિરપુર, તા.ભીલોડા, જી. અરવલ્લી. |
| આરોપી પક્ષે | વિ.વ.શ્રી ટી. એ. વ્હોરા |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૦૪/૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૨/૦૪/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ |
| આરોપીની પ્લીની તારીખ | ૨૬/૦૫/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૦૯/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | શૈલેષકુમાર શાંતીલાલ નિનામા | ૧૩/૦૪/૨૦૨૨ | ૧૩/૦૪/૨૦૨૨ | ઈ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ | નિર્દોષ | - | - |

**-:નમુનો-ક:-**

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનુ લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–

| RANK | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | ૭ | ઝાલા સંજયકુમાર બબાભાઈની જુબાની | સાહેદ |
| PW-2 | ૧૧ | અજયભાઈ કનુભાઈ વાઘરીની જુબાની | ફરિયાદી |
| PW-3 | ૧૩ | ભાઈમાલભાઈ રાજાભાઈ રબારીની જુબાની | પંચસાહેદ |
| PW-4 | ૧૫ | વિજયભાઈ ઈશ્વરભાઈ વાઘરીની જુબાની | સાહેદ |
| PW-5 | ૧૭ | અબ્દુલમીયા અનવરમીયા મલેકની જુબાની | સાહેદ |
| PW-6 | ૨૫ | અકીબજાવેદ ઉર્ફે શકીલજાવેદ અબ્દુલરજાક મલેકની જુબાની | સાહેદ |
| PW-7 | ૨૮ | મોહસીનમીયા ગુલુમીયા શેખની જુબાની | સાહેદ |
| PW-8 | ૩૦ | મુકેશભાઈ અમરતભાઈ વાઘરીની જુબાની | પંચસાહેદ |
| PW-9 | ૩૧ | કિરણભાઈ ઈશ્વરભાઈ દેવીપુજક | સાહેદ |
| PW-10 | ૩૩ | હરીશભાઈ ભીખાભાઈની જુબાની | ત.ક.અ. |

### (બી) બચાવપક્ષે જો સાહેદ:–

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

### (સી) કોર્ટ સાહેદ :–

| RANK | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | –– | –– |

### ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૨ | ફરિયાદ |
| ૨. | ૧૪ | બનાવવાળી જગ્યાનું પંચનામું |

### બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-**

| અ.નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**મુદ્દામાલની વિગત:-**

| અનુક્રમ નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| - | - | - |

**// ચુકાદો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતએવી છે કે, આરોપીએ તા.૧૨/૪/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૧૫ ના સુમારે મોજે આમસરણ ગામના બસ સ્ટેશન નજીક રોડ ઉપર પોતાના કબજા હેઠળની પેટલાદ અમદાવાદ રૂટની એકપ્રેસ એસ. ટી. બસ નંબર જીજે. ૧૮ ઝેડ ૬૩૪૩ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે પોતાની એસ. ટી. બસ હંકારી લાવી કાબુ ગુમાવી દઈ તેની આગળ જતા ટ્રેકટર નંબર જીજે. ૦૭ ડી. બી. ૦૧૮૮ ની ટ્રોલી અથડાવી એકદમ પોતાની એસ. ટી. બસ ખાલી સાઈડે લેતા રોડની સાઈડમાં ઉભેલ પીકઅપ ડાલા નંબર જીજે. ૦૧ ઈ. ટી. ૫૪૫૩ ને અથડાવતા ડાલુ ગટરમાં ઉતરી જતા રોડની સાઈડમાં ઉભેલ આમલેટ તથા પાણી પુરીની લારીને અથડાતા લારીઓને રૂપિયા ૨૫,૦૦૦/- તથા એસ. ટી. બસને રૂપિયા ૬૦,૦૦૦/- તથા પીકઅપ ડાલાને અંદાજે રૂ.૫૦,૦૦૦/- તથા ટ્રોલીને રૂ.૫૦,૦૦૦/- જેટલાનું નુકશાન કરી, ઈ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) **<u>પોલીસ તપાસ :-</u>**

સદરહું કામે આરોપી વિરૂધ્ધ પ્રથમ માહિતી અહેવાલ નંબર ૩૨૯/૨૦૨૨, તા.૧૨/૦૪/૨૦૨૨ થી ગુન્હો નોંધતા તપાસ કરનાર અમલદારે સદર ગુન્હા અંગેની તપાસ હાથ ધરેલ તેમજ

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૧૬૧ અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધ, પંચનામું કરી, આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં ઈ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે ફોજદારી ગુન્હાઓ અંગે ફોજદારી કાર્યરીતિ સં હિતા, ૧૯૭૩ ની કલમ-૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૩) **<u>ન્યાયીક કાર્યવાહી :-</u>**

સદરહું કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૯૦(બી) મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપી તેઓના વિ. વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોકત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨(મ) મુજબ સમન્સ ટ્રાએબલ હોઈ, સદરહું અધિનિયમના પ્રકરણ-૨૦ ની કલમ-૨૫૧ મુજબ આંક-૦૪ થી આરોપીને આક્ષેપિત ગુન્હાઓ સબબ સાર જણાવી, નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની કલમ-૨૫૪ મુજબ આરોપી વિરૂધ્ધ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪)પુરાવાઓ તેમજ દલીલો :

૪.૧ ફરિયાદપક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતાં ફરિયાદપક્ષે મહત્વના સાક્ષીઓ તપાસ્યા બાદ ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૪.૨ સદરહું કામે ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. સદરહું કામે ફરિયાદપક્ષ ધ્વારા પ્રસ્તુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, સદર કામે આરોપીનું ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, સદર કામનાં આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત તમામ પુરાવાઓ મારી સમક્ષ અથવા મારા ધ્વારા

નિમાયેલ વકીલશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે, તે સિવાય બાકી તમામ સવાલોના જવાબ નકારમાં આપી, ફરિયાદપક્ષના કેસની હકીકતોનો ઈનકાર કરી, ફરિયાદપક્ષ ધ્વારા ખોટો કેસ કર્યો હોવાની બાબત જણાવે છે. વધુમાં આરોપી સોગંદ ઉપરની જુબાની આપવા તેમજ બચાવપક્ષે સાહેદો તપાસવા માંગતા ન હોઈ તેમ જણાવેલ છે.

૪.૩ ત્યારબાદ, સદરહું કામે ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી કે. એ. સુથાર તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી ટી. એ. વ્હોરાની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) **મુદ્દાઓ :**

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપી સામે ફરિયાદ પક્ષે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતાં ફરિયાદપક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ:શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| ક્રમ | **–:: મુ દ્દા ઓ ::–** |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૨/૪/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૧૫ ના સુમારે મોજે આમસરણ ગામના બસ સ્ટેશન નજીક રોડ ઉપર પોતાના કબજા હેઠળની પેટલાદ અમદાવાદ રૂટની એકપ્રેસ એસ. ટી. બસ નંબર જીજે. ૧૮ ઝેડ ૬૩૪૩ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે પોતાની એસ. ટી. બસ હંકારી લાવી કાબુ ગુમાવી દઈ તેની આગળ જતા ટ્રેકટર નંબર જીજે. ૦૭ ડી. બી. ૦૧ ૮૮ ની ટ્રોલી અથડાવી એકદમ પોતાની એસ. ટી. બસ ખાલી સાઈડે લેતા રોડની સાઈડમાં ઉભેલ પીકઅપ ડાલા નંબર જીજે. ૦૧ ઈ. ટી. ૫૪૫૩ ને અથડાવતા ડાલુ ગટરમાં ઉતરી જતા રોડની સાઈડમાં ઉભેલ આમલેટ તથા પાણી પુરીની લારીને અથડાતા લારીઓને રૂપિયા ૨૫,૦૦૦/– તથા એસ. ટી. બસને રૂપિયા ૬૦,૦૦૦/– તથા પીકઅપ ડાલાને અંદાજે રૂા.૫૦,૦૦૦/– તથા ટ્રોલીને રૂા.૫૦,૦૦૦/– જેટલાનું નુકશાન કરી, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર |

| | |
|---|---|
| | ગુનાઓ કરેલો છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૬) <u>મુદ્દા પરત્વેના નિર્ણય :</u>

ઉપરોકત જણાવ્યા અનુસાર મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવ્યા મુજબના છે.

| **મુદ્દા ક્રમાંક** | **નિર્ણય** |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

**૭.** કાયદાકીય જોગવાઈ, પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

૭.૧ સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનું રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ. આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.

- ફોજદારી કાર્યરીતિમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા ઈચ્છતા હોઈ, તો તેઓએ ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ – ૧૦૫ અન્વયે સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય, તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પ્રસ્તુત બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

આથી, જ્યારે હાલના કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ – ૨૭૯, ૪૨૭ સાથે વાંચતા મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે.

૧. અકસ્માત સમયે વાહન ચાલક હાલના આરોપી જ હતા.

૨. અકસ્માત આરોપી વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જીવન જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે થયેલ.

૩. આરોપીના ઉતાવળ અથવા બેદરકારી પૂર્વક અને ગફલતભરી રીતે ગુન્હાઇત કહી શકાય તે હદે સ્પિડથી ચલાવતા હતા અને કેવળ તેમની કસુરના કારણે મનુષ્ય જીવન જોખમાય અથવા વ્યક્તિગત કે અન્યની સુરક્ષા જોખમાય તેવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ઈજા પહોંચેલ.

૪. આરોપીના કોઈ એવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ૫૦/– રૂપિયા કે તેથી વધુ રકમનું નુકશાન થયેલ હોય.

આમ, ઉપરોક્ત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન હાથ ધરવું ઘટે, જેથી સદર કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજીપુરાવાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

૭.૨ સદર કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૪૨૭ સાથે વાંચતા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪ અન્વયે ગુન્હો નોંધાયેલ છે, ત્યારે સદરહું ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,–

ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ –

**279. Rash driving or riding on a public way.**
Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**427. Mischief causing damage to the amount of fifty rupees.**
Whoever commits mischief and thereby causes loss or damage to the amount of fifty rupees or upwards, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–**

**177. General provision for punishment of offences.**— Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

**184. Driving dangerously.**
Whoever drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of the case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

૭.૪ ફરિયાદની જુબાનીને જોતાં પહેલા ફરિયાદીની ફરિયાદમાં શું કથન છે તે જોવું આવશ્યક બને છે. જેથી ફરિયાદપક્ષે આંક–૧૨ થી લેખિત ફરિયાદ રજુ કરેલ છે. આ ફરિયાદ જોતાં એવું જણાવે છે કે, આરોપીએ તા.૧૨/૪/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૧૫ ના સુમારે મોજે આમસરણ ગામના બસ સ્ટેશન નજીક રોડ ઉપર પોતાના કબજા હેઠળની પેટલાદ અમદાવાદ રૂટની એકપ્રેસ એસ. ટી. બસ નંબર જીજે. ૧૮ ઝેડ ૬૩૪૩ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે પોતાની એસ. ટી. બસ હંકારી લાવી કાબુ ગુમાવી દઈ તેની આગળ જતા ટ્રેકટર નં બર જીજે. ૦૭ ડી. બી. ૦૧૮૮ ની ટ્રોલી અથડાવી એકદમ પોતાની એસ. ટી. બસ ખાલી સાઈડે લેતા રોડની સાઈડમાં ઉભેલ પીકઅપ ડાલા નંબર જીજે. ૦૧ ઈ. ટી. ૫૪૫૩ ને અથડાવતા ડાલુ ગટરમાં ઉતરી જતા રોડની સાઈડમાં ઉભેલ આમલેટ તથા પાણી પુરીની લારીને અથડાતા લારીઓને રૂપિયા ૨૫,૦૦૦/– તથા એસ. ટી. બસને રૂપિયા ૬૦,૦૦૦/– તથા પીકઅપ ડાલાને અંદાજે રૂ.૫૦,૦૦૦/– તથા ટ્રોલીને રૂ.૫૦,૦૦૦/–

જેટલાનું નુકશાન કરી, ફરિયાદીની ઉપરોકત ફરિયાદ હકીકત સંદર્ભે તેણીની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

**૭.૫** ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૧ સાહેદ ઝાલા સંજયકુમાર બબાભાઈને આંક–૭ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે એસટી વિભાગમાં કંડકટર તરીકે હાલ મહુધા ડેપોમાં ફરજ ઉપર છે. અગાઉ પેટલાદ ડેપોમાં ફરજ બજાવતો હતો. તે વખતે આરોપી શૈલેષભાઇ પણ પેટલાદ ડેપોમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા હતા. તેમને બનાવની તારીખ યાદ નથી પરંતુ આજ થી આશરે એકાદ વર્ષ અગાઉ તે તથા આરોપી શૈલેષભાઇ પેટલાદ ડેપોમાં થી એસટીબસ લઈ પેટલાદથી અમદાવાદ જવા માટે નીકળેલા અમો પેટલાદથી સાંજના છ સવા છ વાગે બસ લઇને નિકળેલા અને આમસરણ પાટીયા નજીક જતા તેમની એસટી બસ ટ્રેકટરની ટ્રોલી પાછળ અથડાતા અકસ્માત થયેલો અકસ્માત થતા એસટીના આગળના ભાગે નુકશાન થયેલુ એસટી બસમાં બેસેલા પેસેન્જરોને કોઇ ઇજા થયેલી નથી જેથી તેઓને બીજી બસમાં બેસાડી રવાના કરી દિધેલા. બનાવ રાત્રીના આંઠ વાગ્યા પછીના સમયે બનેલો. બનાવની ફરીયાદ થતા પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

બચાવપક્ષે સદર સાહેદ **ઝાલા સંજયકુમાર બબાભાઈ** નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, તેમની બસ પેટલાદથી અમદાવાદ વાયા ખાત્રજ ચોકડી થઇને જાય છે. દિવસ અન રાત્રે ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. આમસરણ પાટીયા પાસે વળાંક છે અને બંપ આવેલ છે. આરોપીને તેઓ બનાવ પહેલાથી ઓળખે છે. બનાવ બન્યો તે સમયે અંધારુ હતુ. બનાવ વખતે તે પેસેન્જરોને ટીકીટ આપવામાં વ્યસ્ત હતો. બનાવ કોની બેદરકારીને લીધેલ બનેલ તેનો તેમને ખ્યાલ નથી. આમસરણ હાઇવે ઉપર કોઇ પણ પ્રકારની લાઇટો મારેલ નથી. આમસરણ પાટીયા પાસે ચાર રસ્તા પડે છે.

**૭.૬** ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૨ ફરિયાદી **અજયભાઈ કનુભાઈ વાઘરી**ને આંક–૧૧ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ડ્રાયવીંગ કરે છે. તે રોહિસ્સાના વિજયભાઇ ઇશ્વરભાઇ વાઘરીની મહિન્દ્રા પીક અપ ગાડી નં. જીજે ૦૧ ઇટી ૫૪૫૩ ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરતો હતો. બનાવની તારીખ યાદ નથી બનાવ આજથી એક વર્ષ અગાઉ સાંજના છ થી સાડા છ વાગ્યાના અરસામાં આમસરણ બસ સ્ટેન્ડ પાસે બનેલો. બનાવ ના દિવસે તે પીપલગ શાક માર્કેટમાંથી ડુંગરી ભરી આવેલો અને આમસરણ બસ સ્ટેન્ડ પાસે નાસ્તો કરવા માટે પાણી પુરીની લારી ઉપર તેમની ગાડી સાઇડમાં મુકી ઉભો રહેલો. તેઓએ તેમની ગાડી સાઇડમાં મુકેલી હતી તે વખતે આજ રોજ કોર્ટમાં હાજર આરોપી એસટી બસ લઇને આવેલા અને તેમની ઉભેલી ગાડીમાં પાછળથી પેસી ગયેલા અને જેથી તેમની ગાડી તથા ઇંડા ખીમાની લારી તથા પકોડીની લારી ગટરમાં

પેસી ગયેલ. અકસ્માત થતા તેમની ગાડીને નુકશાન થયેલુ. એસટી બસ નો નંબર જેતે વખતે ફરીયાદમાં લખાવેલો અત્યારે તેમને યાદ નથી. અકસ્માત સમયે એસટી બસ ફુલ સ્પીડમાં આવતી હતી. તેઓએ આ બનાવ બાબતે ફરીયાદ આપેલી. તેમને ફરીયાદ બતાવવમાં આવે છે જેમાં તેમની સહિ છે જે તે ઓળખી બતાવે છે જે પુરાવાના કામે રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર ફરિયાદી **અજયભાઈ કનુભાઈ વાઘરી** નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ ધોરણ આંઠ સુધી અભ્યાસ કરેલો છે. બનાવ વાળી જગ્યાની આજુ બાજુ ખેતરો છે. ખાત્રજ ચોકડીથી અમદાવાદ જવા માટે એક જ હાઈવે છે. બનાવવાળી જગ્યા પર ઘણા બધા વાહનો ની અવર જવર રહે છે. આમસરણ ગામ પહેલા વાત્રક નદીનો બ્રિજ આવે છે. વાત્રક નદીનો બ્રિજ ઉતરતા ઢાળ છે અને વણાંક આવેલ છે. બનાવ સમયે બ્રિજનુ સમાર કામ ચાલતુ હતુ. આમસરણ બસ સ્ટેન્ડ સામે વણાંક લેવા માટે ડીવાઇડર વચ્ચે જગ્યા આપેલ છે. આમસરણ ગામમાં જવુ હોય તો તે રસ્તો પસાર કરીને જવુ પડે છે. આ બનાવ સાડા છ વાગે બનેલો. સાડા છ પછી કોઇ બનાવ બનેલો નહિ. આમસરણ બસ સ્ટેન્ડ પાસે કોઇ સ્ટ્રીટ લાઇટ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમની ગાડીની પાર્કિંગ લાઇટ ચાલુ હતી. તેઓ સ્વીકારે છે કે, આમસરણ ગામમાં ડેરી આવેલી છે જ્યા દુધ ભરવા માટે ગામડાના માણસો જતા હોય છે. બનાવવાળા રસ્તા પર સાંજના સમયે વધારે ભીડ રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એકસીડન્ટ થયો ત્યારે પણ જોયેલા. તેઓ સ્વીકારે છે કે, પોલીસે કોઇ ઓળખ પરેડ મારી સમક્ષ કરાવેલ નથી. તેઓએ અને વિજયભાઇએ બંનેએ ફરીયાદ લખાવેલી.

**૭.૭** ફરિયાદપક્ષે સાહેદ નં.૦૩ પંચસાહેદ **ભાઈમાલભાઈ રાજાભાઈ રબારી**ને આંક–૧૩ થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમની અકસ્માત બાબતે પંચનામામાં સહી કરાવેલ, તે પંચનામું બતાવતાં તેમની સહી ઓળખી બતાવેલ છે. જે પંચનામું આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. તે પંચનામું કઈ બાબતનું હતુ તે તઓને ખબર નથી. પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી. બનાવવાળી જગ્યાના પંચનામાને અનુરૂપ પુરાવો ન આપતા તેઓની હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ. એ. પી. પી. શ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં  પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર **ભાઈમાલભાઈ રાજાભાઈ રબારી**ની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, પંચનામા વિશે તેમને કોઈ જાત માહીતી નથી.

**૭.૮** ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૪ સાહેદ **વિજયભાઈ ઈશ્વરભાઈ વાઘરી**ને આંક–૧૫ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી અજયભાઇ કનુભાઇ વાઘરીને ઓળખે છે. તેઓ તેમની મહિન્દ્રા પીક અપ ગાડી નં. જીજે ૦૧ ઇટી ૫૪૫૩ ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરતા હતા. બનાવની તારીખ યાદ નથી બનાવ આજથી એક થી દોઢ વર્ષ અગાઉ સાંજના સાત વાગ્યા પછીના અરસામાં આમસરણ બસ સ્ટેન્ડ પાસે બનેલો. બનાવ ના દિવસે તેમના ડ્રાયવર તથા બીજા માણસો પીપલગ શાક માર્કેટમાંથી ડુંગરી ભરી આવેલા અને આમસરણ બસ સ્ટેન્ડ પાસે નાસ્તો કરવા માટે પાણી પુરીની લારી ઉપર તેમની ગાડી સાઇડમાં મુકી ઉભો રહેલો. તે વખતે એસટી બસ થી ગાડીને અકસ્માત થયો છે તેવી તેમને ફોનથી જાણ થયેલી. જેથી તે બનાવ વાળી જગ્યાએ ગયેલો અને તેઓએ જોયેલ તો તેમની ગાડીને અકસ્માત થયેલો છે અને તેઓએ બનાવવાળી જગ્યાએ એસટી બસ ઉભેલી જોયેલી તેનો નંબર હાલ તેમને યાદ નથી. આ બનાવની ફરીયાદ તેમના ડ્રાયવરે આપેલી તપાના કામે પોલીસે મારો જવાબ લીધેલો.

બચાવપક્ષે સદર સાહેદ **વિજયભાઈ ઈશ્વરભાઈ વાઘરી** નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, બનાવ બન્યો તે સમયે તે ઘરે હતો. બનાવ વાળી જગ્યાએ પાનના ગલ્લા અને ખેતરો આવેલા છે. આ બનાવ બન્યા બાદ બીજો કોઈ બનાવ બનેલો નહિ. પોલીસે તેમનું નામ સરનામુ પુછેલુ તે સિવાય કાંઇ પુછેલુ નહિ.

**૭.૯** ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૫ સાહેદ **અબ્દુલમીયા અનવરમીયા મલેક**ને આંક–૧૫ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ખેતી કામ અને આમલેટની લારી પણ કરે છે. આ આમલેટની લારી લઇને તે સાંજના સમયે આમસરણ બસ સ્ટેશન પાસે ઉભો રહે છે. તેઓ જે જગ્યાએ લારી લઇને ઉભો રહે છે ત્યાં અવાર નવાર કેટલાય અકસ્માત થાય છે. આજ થી એક વર્ષ અગાઉ રાત્રે સાડા આંઠથી નવ વાગ્યાના અરસામાં આમસરણ બસ સ્ટેન્ડ પાસે બનેલો બનાવ સમયે આમસરણ બસ સ્ટેન્ડ પાસે એક પીકઅપ ડાલુ ઉભુ રહેલુ તે વખતે એક ટ્રેકટર જીંજર જવા વળેલ તે વખતે એક એસટી બસના ચાલકે ટ્રેકટરની પાછળની ટ્રોલીના ભાગે અથડાવેલ અને એસટી બસના ચાલકે બસ ઉપરનો કાબુ ગુમાવી દીધેલો જેથી બસ સૌપ્રથમ આમસરણ બસ સ્ટેન્ડ પાસે પાર્ક કરેલ પીકઅપ ડાલામાં અથડાયેલ અને ત્યાંથી પાણીપુરીની લારીમાં બસ અથડાવેલ અને ત્યાં અથડાવી આ બસ તેમની આમલેટની લારીમાં આવીને અથડાયેલી. જેથી તેમની લારીમાં ભરેલ માલસામાન વેરણ છેરણ થઇ ગયેલ અને તેમની લારી તુટી ગયેલી. તેમને એસટી બસનો નંબર કે

પીકઅપ ડાલાનો નંબર યાદ નથી. પીક અપ ડાલામાં ડુંગળી ભરેલી હતી જે અકસ્માત થવાથી વેરણ છેરણ થઇ ગયેલી. બનાવની ફરીયાદ થતા તપાસના કામે પોલીસે તેમનો જવાબ લીધેલો.

બચાવપક્ષે સદર સાહેદ **અબ્દુલમીયા અનવરમીયા મલેક**નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, આ બનાવ બન્યો તે સમયે તે લારી પર કામ કરતો હતો. તે તેમનું કામ કરતો હતો તે સમયે બસ ટ્રેક્ટર પાછળ અથડાતા અવાજ આવતા તેમનું ધ્યાન ગયેલ હતુ. અકસ્માત કોની બેદરકારી થી બનેલો તે તેઓ કહી ના શકે.

**૭.૧૦** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૦૬ સાહેદ **અકીબજાવેદ ઉર્ફે શકીલજાવેદ અબ્દુલરજાક મલેક**ને આંક–૨૫ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ખેતી કામ કરે છે. તેમની પાસે એક ટ્રેક્ટર જેનો નંબર જીજે ૦૭ ડીબી ૧૧૮ તથા ટ્રોલી નો નંબર જીજે ૦૭ યુયુ ૯૬૦૫ નો છે. જે ટ્રેક્ટર અને ટ્રોલી તેમના પિતાજીના નામ ઉપર છે પરંતુ તેમના પિતાજી ગુજરી જવાથી આ ટ્રેક્ટર તથા ટ્રોલી તેમની પાસે છે અને તેના ઉપર ડ્રાયવર તરીકે મોહશીનમીયા ગુલુમીયા શેખને રાખેલ છે. તેમને બનાવની તારીખ યાદ નથી પરંતુ આજ થી બે એક વર્ષ અગાઉ આ તેમના ટ્રેક્ટર ટ્રોલીમાં માતરથી પુળા ભરી તેને ખાલી કરી આ તેમના ડ્રાયવર ટ્રેક્ટર લઇ તેમના ઘર તરફ આવતા હતા તે વખતે તેઓ જીંજર આવવા માટે આમસરણ પાસે વળવા માટે જતા પાછળથી એક એસટી બસ આવેલી અને તેણે આ ટ્રેક્ટર ટ્રોલીને અડફેટે લીધેલ અને અકસ્માત થયેલ અને તેમના ટ્રેક્ટર ટ્રોલીમાં રૂ. પચાસ હજારનુ નુકશાન થયેલુ. બનાવ રાત્રીના સાતથી નવ ના અરસામાં બનેલો. બનાવ વખતે તેઓ આ ટ્રેક્ટર ઉપર ડ્રાયવર ની બાજુમાં બેઠેલ હતો. તેમના ટ્રેક્ટરને ટકકર મારનાર એસટીબસનો નંબર તેમને હાલ યાદ નથી. તેમના ડ્રાયવરે વળવા માટે ટ્રેક્ટરની સાઇડ લાઇટ બતાવેલી તથા હાથ પણ બતાવેલ છે પરંતુ પાછળથી આવતી એસ ટી બસનો ડ્રાયવર તેની બસને કાબુમાં કરી શકેલ નહિ જેથી તેણે અમારા ટ્રેક્ટરમાં તથા ટ્રેક્ટરની ટ્રોલીમાં ટકકર તેમની બીજી સાઇડે જઇ એક પીકઅપ ડાલાને તથા ઇંડાખીમાની અને બીજી એક નાસ્તાની લારી ને ટકકર મારી ભાંગી નાંખેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

બચાવપક્ષે સદર સાહેદ **અકીબજાવેદ ઉર્ફે શકીલજાવેદ અબ્દુલરજાક મલેક**નાઓની ઉલટતપાસ માટે વકીલશ્રીને વારંવાર પોકાર કરવા છતાં તેઓ હાજર ન રહેતા તેઓની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૭.૧૧** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૦૭ સાહેદ **મોહસીનમીયા ગુલુમીયા શેખ**ને આંક–૨૮ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ટ્રેક્ટર ચલાવવાનુ ડ્રાયવર તરીકેનુ

કામ કરે છે. તે તેમના ગામના અબ્દુલ રજાક ગુલામહુસેન મલેકનુ ટ્રેકટર ચલાવે છે. તે ટ્રેકટર જેનો નંબર જીજે ૦૭ ડીબી ૧૧૮ તથા ટ્રોલી નો નંબર જીજે ૦૭ યુયુ ૯૬૦૫ નો છે. તા. ૧૨/૦૪/૨૦૨૨ ના રોજ સાંજના સમયે આ ટ્રેકટરમાં ભરેલ પુળા માતર મુકામે ખાલી કરી પાછા જીંજર તરફ આ ટ્રેકટર ટ્રોલી ચલાવીને લઇ જતો હતો તે વખતે રાત્રે આશરે નવેક વાગ્યા ના અરસામાં આમસરણ ચોકડી તરફથી રોહિસ્સા જીંજર તરફ જવા વળતો હતો તે વખતે તેઓએ વળવા માટે સાઇડ લાઇટ બતાવેલ તથા હાથથી ઇશારો પણ કરેલ હતો તે વખતે પાછળથી એટલે કે નેનપુર ચોકડી તરફથી એક એસટી બસ બેફામ આવેલ અને તે એસટીના ચાલકે તેમના ટ્રેકટરની ટ્રોલીના પાછળના ભાગે તેની એસટી બસ અથડાવેલી. તે વખતે તેમના ટ્રેકટર ટ્રોલીની સાઇડમાં એક પીકઅપ ડાલુ રસ્તાની સાઇડમાં પાર્ક કરેલ હતુ તે સાઇડે જઇ એક પીકઅપ ડાલાને તથા ઇંડાખીમાની અને બીજી એક નાસ્તાની લારી ને ટકકર મારી ભાંગી નાંખેલ. તેમના ટ્રેકટરને ટકકર મારી અકસ્માત કરનાર એસટી બસનો નંબર તેઓએ જોયેલો જેનો નંબર જીજે ૧૮ ઝેડ ૬૩૪૩ નો હતો. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી. આરોપી હાજર નથી આરોપી તરફથી હાજરી મુકતી રીપોર્ટ છે જેમાં ઓળખની તકરાર જતી કરવામાં આવેલ છે.

બચાવપક્ષે સદર સાહેદ **મોહસીનમીયા ગુલુમીયા શેખ**નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, તે લગભગ સને ૨૦૦૫ થી ડ્રાયવીંગ કરે છે. બનાવવાળી જગ્યા પર ઘણા બધા લારી ગલ્લાઓ આવેલા છે. આ ગલ્લાવાળાઓના સામાન રોડ પર પણ પડેલ હોય છે. બનાવવાળા રોડ પર ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. બે આમસરણ ગામ આવેલા છે તે પૈકી કયા આમસરણ ગામ તરફ વળતા હતા તે લખાવેલ નથી. પીક અપ ડાલુ રોડની સાઇડમાં પડેલુ. બનાવવાળી જગ્યાની બાજુમાં આમસરણ બસ સ્ટોપ આવેલ છે. આ બસ સ્ટોપ પર લોકલ બસ ઉભી રહે છે. બનાવવાળી જગ્યા પર ચાર રસ્તા પણ આવેલા છે. ચાર રસ્તા હોવાના લીધે સામાન્ય રીતે વાહનની સ્પીડ ઓછી હોય છે.

**૭. ૧૨** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૦૮ પંચસાહેદ **મુકેશભાઈ અમરતભાઈ વાઘરી**ને આંક–૩૦ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજ થી આશરે બે એક વર્ષ પહેલા આમસરણ પાટીયા પાસે ઉભી રહેતી પકોડીની લારી પર પકોડી ખાવા ઉભો હતો તે સમયે પોલીસે તેમની હાજરીમાં એક અકસ્માતવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તે જગ્યા પર એક પીકઅપ ડાલુ ઉભુ હતુ જેનો નંબર તેમને ખબર નથી તે પીકઅપ ડાલાને એસટી બસે ટકકર મારેલી અને આ અકસ્માત થવાથી પકોડીની લારી ગટરમાં જતી રહેલી. તેમજ એક ઇંડાની લારીને પણ નુકશાન થયેલુ. બનાવવાળી જગ્યાએ ઉત્તર દક્ષિણ પુર્વ પશ્ચિમ શુ આવેલ છે તે તેમને યાદ નથી. તેમને આજ રોજ આંક–૧૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇને જણાવે છે કે પંચ નં–૨ તરીકે જે સહી છે તે તેમની છે જે ઓળખે છે.

બચાવપક્ષે સદર પંચસાહેદ **મુકેશભાઈ અમરતભાઈ વાઘરી**નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ જે પંચનામામાં સહિ કરેલી તે લખેલુ તૈયાર હતુ જેમાં પોલીસે તેમનું નામ અને સરનામુ લખી લીધેલ.

**૭.૧૩** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૦૯ સાહેદ **કિરણભાઈ ઈશ્વરભાઈ દેવીપુજક**ને આંક–૩૧ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ડ્રાયવર તરીકેનુ કામ કરે છે. આ કેસના સાહેદ વિજયભાઇ ઇશ્વરભાઇ તેમના મોટા ભાઇ થાય છે. આજથી આશરે બે વર્ષ પહેલા તે અને તેમના બનેવી પિકઅપ બોલેરો ગાડીલઇને તેમના ઘરે જવા નિકળેલા તે સમયે આશરે સાંજના સાત વાગ્યાની આસપાસ આમસરણ પાટીયા પાસે પકોડી ની લારી પાસે તેમનું પીકઅપ ડાલુ પાર્ક કરી પકોડી ખાવા માટે ઉભા રહેલા હતા અને લારી ઉપર પકોડી ખાવા ઉભા હતા તે સમયે એક એસટી બસે જેનો નંબર તેમને યાદ નથી તેણે તેમનું પાર્ક કરેલ પીકઅપ ડાલાને પાછળ થી જોરથી ટકકર મારેલ તેથી તેમની બોલેરો પીક અપ ડાલુ ગટરના નાળામાં જતુ રહેલુ તેમજ પકોડીની લારીને પણ નુકશાન થયેલુ. આ બનાવમાં કોઇને ઇજા થયેલ નથી. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી. તે એસટીના ડ્રાયવરને જોયેથી ઓળખે છે જેને કોર્ટમાં હાજર આરોપીને સાહેદ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે સદર સાહેદ **કિરણભાઈ ઈશ્વરભાઈ દેવીપુજક**નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, આમસરણ પાટીયા આગળ ત્રણ રસ્તા પડે છે. આજુબાજુ ગલ્લા અને લારીઓ ઉભી રહે છે. બનાવવાળા રસ્તા પર ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. બનાવ સમયે તે અને તેમના બનેવી હતા એ સિવાય બીજુ કોઇ ન હતુ. કોર્ટમાં તેમનો પોકાર થયો તે પહેલા તે ડ્રાયવર સાથે ઉભો હતો. ડ્રાયવર ને આજે મળેલ હોય તેથી ઓળખે છે. આ ડ્રાયવર ને આજ પહેલા કયારેય મળવાનુ થયેલ નથી. પોલીસે ફકત તેમનું નામ સરનામુ પુછેલુ તે સિવાય કશુ પુછેલુ નહિ.

**૭.૧૪** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧૦ ત.ક.અ. **હરીશભાઈ ભીખાભાઈ**ને આંક–૩૩ થી તપાસેલ છે. ગઇ તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ તેઓ મહેમદાવાદ પો.સ્ટે.માં હે.કો. ફરજ ઉપર હાજર હતા તે વખતે અજયભાઇ કનુભાઇ વાઘરી રહે.ખાત્રજ, તા.મહેમદાવાદનાઓએ પી.એસ.ઓ આનંદસિંહ જશવંતસિંહની રુબરુ એક ફરીયાદ હકીકત વાહન અકસ્માત બાબતે જાહેર કરેલ જે ફરીયાદ આધારે મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૨૯/૨૦૨૨ ઇપીકો કલમ ૨૭૯, ૪૨૭ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ થવા સારુ તેઓ તરફ મોકલી આપેલ. આ ગુનાની તપાસ સંભાળી સાંજે અબ્દુલમીયા અનવરમીયા મલેકે બનાવવાળી જગ્યા બતાવેલી જે બનાવ વાળી જગ્યા આમસરણ પીક સ્ટેન્ડથી વીસ મીટર ઉત્તરે રોડની પશ્ચિમ કિનારી ઉપર આવેલ હતી જે જગ્યાએ ડુંગળી વેરણ છેરણ પડેલ હતી તેમજ ઉત્તર દિશા તરફના મોઢાની એક

એસટી બસ નં. જીજે ૧૮ ઝેડ ૬૩૪૩ કે જેને અકસ્માતથી નુકશાન થયેલ હતુ તેમજ એક આમલેટ ની લારી ઉંધી પડેલ હાલતમાં જેને આ એસટી બસથી નુકશાન થતા રૂ. ૧૦,૦૦૦/– નુ નુકશાન થયેલ અને આ એસટી બસથી એક પીક અપ ડાલા નં. જીજે ૦૧ ઈટી ૫૪૫૩ ને ટકકર વાગવાથી ગટરમાં ઉતરી ગયેલ હતી અને તેમાં જોતા ડુંગરીના બોરા ભરેલા હતા તે ફાટી ગયેલ હતા. જે પીક ડાલાને રૂ. ૫૦,૦૦૦/– નુ નુકશાન થયેલ હતુ તેમજ આ એસટી બસની ટકકર વાગવાથી એક પકોડીની લારી ઉંધી પડેલ ગયેલ હતી જેને રૂ. ૧૫,૦૦૦/– નુ નુકશાન થયેલ હતુ તેમજ બનાવ વાળી જગ્યાએથી થોડે દુર રોડની પુર્વ બાજુએ એક ટ્રોલી અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતી જેને રૂ. ૫૦,૦૦૦/– નુ નુકશાન થયેલ હતુ તે તમામનુ તથા બનાવવાળી જગ્યાનુ પંચોની હાજરીમાં પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ જે આ કામે આંક–૧૪ થી રજુ છે. તપાસનાકામે તેઓએ જે વાહનો તથા નાસ્તાની લારીઓને નુકશાન થયેલ તે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા. આ કામે આરોપીને તા. ૧૩/૦૪/૨૦૨૨ ના રોજ નોટીસ આપી હાજર રાખી જરુરી કાર્યવાહી કરેલ. તપાસ દરમ્યાન આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલુ આરોપીને જોયે ઓળખે છે.

બચાવપક્ષે સદર સાહેદ ત.ક.અ. **હરીશભાઈ ભીખાભાઈ**નાઓની ઉલટતપાસ કરતાં તેઓએ જણાવેલ છે કે, આમસરણ પાટીયા પાસે ત્રણ રસ્તા પડે છે. આ અમદાવાદ જવા માટેનો મેઈન હાઈવે કહેવાય. મેઈન હાઈવે હોવાથી ત્યાં ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. હાઈવેની આજુ બાજુ મકાનો આવેલા છે. બસમાં કોઈ યાંત્રીક ખામી હતી કે કેમ તેનો કોઈ રીપોર્ટ તેઓએ તપાસના કામે મેળવેલ નથી. તેઓએ તપાસના કામે એસટીના મેનેજર નુ નિવેદન લીધેલ નથી. સાહેદ સંજયભાઈ બબાભાઈ સિવાયના તમામ સાહેદો મહેમદાવાદ તાલુકા નિવાસી છે.

**૭.૧૫** સદર કામે પડેલ પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો, સાહેદ ઝાલા સંજયકુમારનાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ અકસ્માતનું ચોક્કસ કારણ જણાવી શકતા નથી તેમજ તેઓએ તેઓની જુબાનીમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે અંધારું હતું તેમજ તેઓ પેસેન્જરને ટિકિટ આપવામાં વ્યસ્ત હોય બનાવ કોની બેદરકારીથી બનેલ તેનો તેઓને ખ્યાલ નથી. વધુમાં, ફરિયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવેતો, તેઓએ તેઓની જુબાનીમાં બનાવનો સમય છ થી સાડા છ વાગ્યાનો જણાવેલ છે જ્યારે ફરિયાદ જોતા બનાવ રાતના સવા નવ વાગ્યાનો દર્શાવેલ છે, જે મહત્વનો વિરોધાભાસ દર્શાવે છે. વધુમાં, તેઓએ તેઓની જુબાનીમાં દર્શાવેલ છે કે બસ ફૂલ સ્પીડમાં આવતી હતી જ્યારે તેઓએ તેઓની ઉલટ

તપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે બ્રીજનું સમારકામ ચાલુ હતું અને બનાવવાળા રસ્તા ઉપર સાંજના સમયે ભીડ રહે છે, આ સંજોગોમાં માત્ર વાહન ઝડપથી આવતું હતું એટલા આધાર પર જ બેદરકારીનો નિષ્કર્ષ કાઢવો સલામતી ભર્યો ગણી શકાય નહિ. જ્યાં સુધી પ્રોસિક્યુશન અન્ય પુરાવા દ્વારા દર્શાવે નહીં કે વાહન ચલાવવાની રીત જોખમી અથવા અયોગ્ય હતી ત્યાં સુધી ફક્ત ઝડપ એ સ્વતંત્ર રીતે બેદરકારી સાબિત કરતું તત્ત્વ કહી શકાય નહિ. વધુમાં, પોલીસ દ્વારા આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ હોય તેવું પણ બનેલ ન હોવાનું ફરિયાદીએ સ્વીકારેલ છે.વધુમાં પંચ સાહેદો હોસ્ટાઇલ હોય, તેઓના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન પ્રાપ્ત થઈ શકે નથી. તદુપરાંત, અન્ય સાહેદ વિજયભાઈનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ ઘરે હતા ત્યારે બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી ન હોય તે સ્વાભાવિક છે. વધુમાં, સાહેદ અકીબજાવેદનો પુરાવો ધ્યાને લેતાં બનાવ જે બસથી બનેલ તેનો તેઓને નંબર યાદ ન હોવાનું જણાવેલ છે ત્યારે અકસ્માત સદર બસથી જ બનેલ કે કેમ તેવી ચોક્કસ હકીકત સદર સાહેદના પુરાવાથી નિશંકપણે રેકર્ડ પર આવતી નથી. વધુમાં કિરણભાઈનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તે હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓ વાહનના ડ્રાઈવરને આજે મળેલ હોય તેથી ઓળખે છે અને આજ પહેલા તેઓને ક્યારેય ડ્રાઈવરને મળવાનો પ્રસંગ બનેલ નથી અને પોલીસે ફક્ત તેઓનું નામ સરનામું જ પૂછેલું. વધુમાં, તપાસ કરનારનો પુરાવો ધ્યાને લેવામાં આવેતો, તપાસ અધિકારીએ સ્થળનું પંચનામું અને કાર્યવાહી કરેલ છે, પરંતુ, તપાસના કામે મિકેનિકલ તપાસનો રિપોર્ટ મેળવેલ હોય તેવું બનેલ નથી કે એસટી વિભાગના અધિકારીઓનું નિવેદન લેવામાં આવેલ હોય તેવું પણ બનેલ નથી.આ સમગ્ર સંજોગોમાં ફરિયાદ પક્ષે આરોપી બેફામ અથવા ગફલતભરી રીતે વાહન ચલાવતા હતા તેવું નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, ઊભી થતી શંકાનો લાભ સ્થાપિત કાનૂની સિદ્ધાંત પ્રમાણે બચાવ પક્ષ ને મળવાપાત્ર જાય છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ શંકા થી પર રીતે તેઓનો કેસ સાબિત કરી શકેલ નથી તેવું જણાય છે ત્યારે મુદ્દા નં.: ૦૧ નો નિર્ણય "નકારમાં" આપી, મુદ્દા નં.: ૦૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આરોપી શૈલેષકુમાર શાંતીલાલ નિનામા, ઉ.વ.૪૧,રહે. વિરપુર, તા.ભીલોડા, જી. અરવલ્લીનાને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– ના નવા જામીન તથા એટલી જ રકમના જાત મુચરકો છ માસના સમયગાળા સારૂ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ:–મહેમદાવાદ.**
**તારીખ:૩૦/૦૪/૨૦૨૬**

**(દેવદત્ત વી. વ્યાસ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જીજે૦૧૬૫૯**